કાવ્યગોષ્ઠી

પદ્ય સાહિત્ય તરફની રાહ...

|| અંક – 3 || નવેમ્બર – ૨૦૧૯ || સળંગ અંક – 3 ||

★ સંપાદક ★

સુલતાન સિંહ

Kavygoshthi Group

નવેમ્બર અંકમાં માણો







કાવ્યગોષ્ઠી

~ પદ્ય સાહિત્ય તરફની રાહ ~

| વર્ષ : ૧ | અંક : ૩ | સળંગ અંક – ૩ |

| નવેમ્બર – ૨૦૧૬ |

~ સંપાદક ~

સુલતાન સિંહ

કાવ્યગોષ્ઠી ટીમ

મેહસાણા – ૩૮૪૦૦૨

મોબાઈલ – ૯૯૦૪૧૮૫૦૦૭

kavygoshthi@gmail.com

http://kavygoshthiblog.wordpress.com/



કવિતામાં સૌંદર્યનું અભિભૂત અને તળબોળ કરતું નિરૂપણ પણ જરૂરી છે...

સુલતાન સિંહ 'જીવન'

એક અનેરી અને વિચિત્ર દુનિયા આંખો સામે આવીને છતી થઇ જતી હોય છે, એક કવી અથવા લેખક માટે જ્યારે કંઇક ગણેલી ગાંઠેલી પળો મા જ્યારે એના દિલના વિચારો શબ્દોના આકારોમાં ગોઠવાઈ જતા હોય છે. એવું નથી કે દરેક વખતે એ વિચારો કોઈ ચોક્કસ દિશામાં કાવ્યનું સ્વરૂપ ધારણ કરે જ છે. પણ હા ક્યાંકને ક્યાંક એની અસર ત્યાર પછીના લખાણમાં જોવા મળે જ છે. અને એ જ અસર, એ ક્ષણભરનો અનુભવ અથવા એ પલકારો જે કઈ લખાવે છે. બસ, એજ તત્વ છે જે કદાચ સામાન્ય વ્યક્તિ અને કવિ વચ્ચે માત્ર એ વ્યક્તિના સાનિધ્યમાં અનુભવાય એવી પાતળી ભેદરેખા બનાવે છે.

"કવિઓની સૃષ્ટિમાં નવા કેટ કેટલાય ફરમાન આવે છે,
જેટલાય પાત્રો આવે રૂપનું સોદર્ય તો જાજરમાન લાવે છે,"

~ સુલતાન સિંહ 'જીવન'

કદાચ, જીવનમાં વીતેલી, અનુભવેલી અને જાતે વેઠેલી એવી ક્ષણો એક કવિના લખાણમાં સતત અનુભવાતી જોવા મળે છે. ક્યાં મરીઝ સાહેબ હતા, ક્યાં ઘાયલ સાહેબ, ક્યાં બેફામ અને ક્યાં આપણા શૂન્ય પાલનપુરી સાહેબ. અત્યાર સુધી વાંચેલા દરેક કવિઓના ભાવોમાં ક્યાંક ને ક્યાંક અલગતા અનુભવાઈ જ હશે. એમના દિલે અનુભવેલી લાગણીઓ તેમ છતાય ક્યાંકને ક્યાંક એ બીજાને સ્પર્શતી રહી છે. દરેકની લખવાની એક અલગ અદા, છટા અને કોશિશો હતી પણ ગજલના ભાવો ક્યાંકને ક્યાંક જઈને મળ્યા છે. અને એ ભાવ સૃષ્ટિની સત્યતાનો પણ આપણને આભાસ કરાવે છે. આ બધાની મહેનતે જ કદાચ ગુજરાતી સાહિત્યમાં કાવ્ય સાહિત્યને ધબકતા રાખવામાં મદદ કરી છે. આ લીસ્ટમાં મુકવા હજુય ઘણા ઢગલાબંધ નામ છે જેમાંથી માત્ર મેં માંડ ચારેક નામ જ લીધા છે. પણ, મૂળ વાત પર આવીએ તો સોંદર્યતાનું નિરૂપણ હમેશા કાવ્યની અસરકારકતા ને ધારદાર બનાવતું રહ્યું છે. અને એ કાવ્યમાં લય અને શબ્દોમાં ગુંથી જયારે સોંદર્યનો રસથાળ પીરસાય ત્યારે જ કાવ્ય પોતાની યોગ્ય આવશ્યકતા ધારણ કરે છે.

કાવ્યમાં ચોટદાર શબ્દોના પ્રયોગ સાથે સોંદર્ય નિરૂપણ માટેની ઉપમાઓ પણ એટલો જ મહત્વનો ભાગ ભજવે છે. એક તરફ કવિતાના શબ્દો દિલમાં અસર કરી જાય એ જરૂરી છે તો બીજી તરફ કાવ્યમાં દર્શાવાયેલ ચિત્રના આખેઆખા ચિત્રણમાં એ ચિત્રણ આંખો સામે છતું થાય એ જરૂરી છે. કવિ હોવું અને કવિ બનવું એ પણ કદાચ આ પાતળી ભેદરેખાઓના આધારે ઓળખી શકાતા હશે. શબ્દોને યોગ્ય સ્વરૂપે મુકવા, બંધારણને વળગી રહેવું અને તેમ છતાય કાવ્યમાં જે સોંદર્યનું નિરૂપણ કરવું એ જ મહત્વનું છે. આ વખતે આપણે થોડીક માહિતી કાવ્યમાં સોંદર્ય વિષે વિચારીશું... હવે પછીથી... કદાચ શૃંગારીક કાવ્ય તરફ પ્રયાણ...

સુલતાન સિંહ 'જીવન'
[સંપાદક/એડમીન]

વાચક વર્ગને પ્રણામ....

ગુજરાતી સાહિત્ય સાચા અર્થમાં જીવંત અને અવિરતપણે ધબકતું રહે તે માટે અત્યારે સોશીયલ મીડીયાનાં ઉપયોગ વડે વોટ્સએપ પર 'કાવ્ય ગોષ્ટિ' નામથી એક પદ્ય સાહિત્યક ગૃપ ચાલી રહ્યુ છે. નવોદિત કવિઓ અને ભાવકો આ ગ્રુપમાં સામેલ થઈ શકે છે.. વિસ્તૃત માહિતી મેળવવા માટે નીચે મુજબ સંપર્ક કરી શકો છો.

Contacts :-

kavygoshthi@gmail.com

http://kavygoshthiblog.wordpress.com

Admin :-

http://vichaarvrund.wordpress.com

-: લાગણીનો તાર :-

કવિ અને બધા જ સહકાર આપનાર વડીલો, મિત્રો અને ભાવકોનાં અમે હરહંમેશ ઋણી છીએ. સહિત્યમાં નવુ સર્જન કરવું એ એક તપ કરવા બરાબર છે. અને આ તપનું ફળ અમારા ગ્રુપને અત્યાર સુધી મળ્યું છે તો એનું રૂણ ઉતારવું કેમ શક્ય બને, એ માટે અમારી ટીમ સદા આવા ઉતમ સર્જકોની આભારી રહેશે.

~~ કાવ્ય ગોષ્ટિ ટીમ ~~

અનુક્રમણીકા

તારી વ્યથાઓનો પણ કૃષ્ણ હવે તો પાર નથી,
દુનિયામાં મતલબ છે, ગીતાનો કોઈ સાર નથી,

કળિયુગ છે અહીં, અને એની અસરો વર્તાય છે,
કોઈ જીજસ, અલ્લા કે ઈશ્વરનો પલટવાર નથી,

તારીજ જરૂર ભલેને વર્તાઈ રહી હોય સંસારને,
હવે તું પણ ક્યાંય વિચારો ના આરપાર નથી,

શીખ બધી કામે લાગી ગઈ છે તારી કુરુક્ષેત્રમાં,
બધા જ પ્રવચનો એ હવે અહીં અસરદાર નથી,

ધર્મનું યુદ્ધ જીત્યું તે અર્જુન જેવા મહારથી સાથે,
જ્ઞાનને સમજનાર હવેતો કોઈજ કદરદાન નથી,

પહેલા ભરેલ સભામાં સલાહ આપી શકતો હતો,
કોઈની વાતોમાં બોલવાનો હવે અધિકાર નથી,

સત્ય સાથે લડી લેવું એજ પહેલા ધર્મ ગણાતો,
ધર્મના નામે આજકાલ કર્મ નો કોઈ સાર નથી,

~ સુલતાન સિંહ 'જીવન'

વાતો જ ન કરીશ તુ અભિમાનની,
પરવા કર તુ તારા સ્વાભીમાનની,

એક રસ્તે મળે ભલે ધિક્કાર સદા,
બીજે રસ્તે વાત થશે સમ્માનની,

કરીશ નહીં તુ હવે કોઈ એવાં કર્મ,
જેથી થશે વાત તારા અપમાનની,

નથી ખબર હવે કોણ બોલાવે છે,
કરશે વાત પછી આવી ફરમાનની,

કોઈ કહેને, ખોટું લાગે તો પણ ઠીક,
વાત છે આ માત્ર તારા સ્વમાનની,

~ સુલતાન સિંહ 'જીવન'

ભગવાન થઈ ગયો...

ચંદ્રનો પ્રકાશ પણ હવે અહિં સાક્ષાત થઈ ગયો,
આભમા દિવસભર સુર્ય, રાત્રે બાકાત થઈ ગયો,

અજર અમર સત્યતા કઈ પણ નથી હવે સંસારે,
ગીતાના શ્લોકમાં નશ્વરતાનો વિશ્વાસ થઈ ગયો,

પહેલા પિતા ગણાતો સહસ્ત્રમ પુત્રનો ધ્રુતરાષ્ટ્ર,
મોહમાં ફસાઈને દુર્યોધનનો હવે દાસ થઈ ગયો,

મહારથીઓ સામે બાથ ભીડી શકનાર ગંગાપુત્ર,
પ્રતિજ્ઞા ખાતર હવે કૌરવોનો ગુલામ થઈ ગયો,

વેર વૃત્તિમાં અંધ બનેલા કપટી શકુનીનાં કારણે,
કુરૂક્ષેત્રે આખા કૌરવ કુળનો સર્વનાશ થઈ ગયો,

પ્રેમતત્વનું કદાચ જ મહત્વ ગણાતું હોય સંસારે,
લોકોને ટાઈમપાસ સંબંધોમાં વિશ્વાસ થઈ ગયો,

પહેલા ફક્ત બ્રહ્મા પોતે કરતા સૃષ્ટિના નિર્ણયો,
માણસ પણ પોતેજ હવેતો ભગવાન થઈ ગયો,

~ સુલતાન સિંહ 'જીવન'

પાછી ફરશે કોઇ દીવસ દિલમાં પ્રેમની સુગંધ ભરી,
આશા છે એટલે જ હાથમાં ગુલાબ લઈને બેઠો છું,
કહે છે દિલ તોડ્યું છે એનું પથ્થર મારીને ઓચિંતા,
પથ્થર ભલેને મારે, કાચના મકાન લઇને બેઠો છું,
ચાંદની આજે તો દુર ભાગ્યા જ કરતી હોય ભલેને,
પથરાઇ જશે રેત પર, ખુલ્લું મેદાન લઇને બેઠો છું,
પછડાવાના જ મોઝાઓ તો યાદોના પથ્થરો પર,
લાગણીઓની, જો હું લાંબી કિનાર લઇને બેઠો છું,
આત્મવિશ્વાસ ડગાવવા ભલે લાખ કોશિશો થાય,
લડી લેવા માટે શાસ્ત્રો હુંય ધારદાર લઇને બેઠો છું,
ક્યારેક એને પણ ઝુકવૂ તો પડશે જ ને કા'ના અહિં,
વિશ્વાસ તારામાં જ, હુ પણ અપાર લઇને બેઠો છું,

~ સુલતાન સિંહ 'જીવન'

ઉનાળો ગયો
અને, શિયાળો આવ્યો.
મેં રોજ ખુલ્લી રહેતી
એ બારી બંધ કરી.
હું
જેને સવારમાં ખોલતી ત્યારે
એક પંખી, સામે બેસી ટહુકતું હતું
મારે તેની સાથે,
પળ બે પળની સંગત હતી.
પણ આ પંખીઓ,
બહુ શાણા નીકળ્યા.
હવા બદલાતી જોઈ
ઘર છોડી ગયા.
જાતી વેળાએ ટહુકામાં
એવું તો કંઈક કહી ગયા,
કે ઝાડ
બધાય પાનાં ખેરવી બહુ રડયા.
હું
ના પંખી બની ઉડી શકી
ના પાંદડા ખેરવી રડી શકી
હું આજ બંધ બારીએ બેઠી છું
ફરી ટહુકા સાંભળવાની રાહમાં
ફરી બારી ખોલવાની ચાહમાં.

રેખા પટેલ (વિનોદિની)

જેટલી રોકી શકીએ એટલી મેં જાતને રોકી હતી
માન મારી વાતનું જળવાઇને રહે એટલી ટોકી હતી

કોઇ પણ વ્હેતી નદી પર બંધ બાધીને તમે રોકી શકો
સપનાંઓ ઉપર કદી ક્યાં કોઇ પાબંધી અમે ઠોકી હતી

પ્રીતને બદલે આ સોદો પ્રીતનો સસ્તો ભલે ગણતાં તમે
આપવામાં હાથ ટુંકો ત્યાં અમારી માંગણી મોટી હતી

જીવતાં સાથે જીવીએ,મોત આવે એકલા જાવું પડે
બસ સુખડનાં હાર પ્હેરીને છબી છેલ્લે બધું જોતી હતી

ધનના દેખાડાં કરે પણ લાગણીમાં કંજુસાઇ દાખવે
ક્યાંક સાચી વાત ખોટી કરવાની લોકોને હથરોટી હતી

રેખા પટેલ (વિનોદિની)

આજ સબંધોને ફરી તરોતાજા કરી જોઉં,
કારણ ગણાવી છોડ્યાની વાત કરી જોઉં.

સઘળાં સબંધ બે હાથની તાલી છે દોસ્ત,
તૂટ્યાં પહેલાં એમાં સાંઠગાંઠ કરી જોઉં.

ખરતાં પાનને લીલું રંગી ફરી લટકાવી ,
વિરહી એ ડાળ ને હું જીવતી કરી જોઉં.

દોસ્તીમાં હાલ છપ્પનિયો દુકાળ ચાલે છે,
કેમ છો કહી હું થોડી તોલમોલ કરી જોઉં.

યાદો પણ ગોફણ જેવી નિશાનેબાજ છે,
દૂર ફેંકવા એને બમણું ખેચાણ કરી જોઉં,

રેખા પટેલ (વિનોદિની)

શબ્દોની ના જરૂર પ્રેમ ને કે વિરહને..
હળવેકથી આવે વણાંક થડકાર દૈ ને
માણસ નામે સ્વપનું એકેક ખોવાણું ને
કરજદારનું આમંત્રણ ને રમવાની રમત ને
શબ્દોની ના જરૂર પ્રેમ ને કે વિરહને...
જંતર મંતર હા જરાંક પાની પાછી લઈ ને
ખુરશી-ખુરશી રમતા જોયા ઝરૂખે પોપટા ને
ચણોઠીની ઢગલીમાં જઈ બેઠા મયુર ને
શબ્દોની ના જરૂર પ્રેમ ને કે વિરહને...
વરસાદી સંગતમાં મોરલા ટહુકા લાવ ને
ફોરાનું ભીનું સંગીત ને પંખીઓનું અંગત ને
વિણેલા મોતી પાથરુ વર્ણાંગી છે રસ્તા ને
શબ્દોની ના જરૂર પ્રેમ ને કે વિરહને...
સાંજ ઢળે છે પાછી કાચી સમજણે પાકી થૈ ને
જીવન ઝરમર ઝરમર વરસે છત્રીસંગ ભીંજું ને
વાંછટમાં ખીલે છે મહેંક મોગરા ની વેણી ને
શબ્દોની ના જરૂર પ્રેમ ને કે વિરહને...
-રેખા શુક્લ

ખોબામાં ભરવા મૃગજળીયા પરપોટા માણી......!!
અર્થના આકાશમાં લખી મુખોમુખ જઈ પરખાણી

તાજી તાજી કાચી ગબડી તોય ગઝલ થઈ જાણી
કલમની કમાલ ગુંજવી કોને ત્યારે તે સંભળાણી

આરઝુ ખોળી અક્ષરે અક્ષર બર્ફ થઈ પીગળાણી
દઈ દીધું દિલ દીઠા મહીં પછી ફૌજી થઈ પીંજાણી

અજવાળ્યું અચાનક દિપે જો ઉઘાડો બારણે જાણી
મૌતનો દરિયો છે પારદર્શક શબ્દની નૌકા ભરાણી
નામના સાગરમાં જોયો પરપોટો આંગણે ધરાણી
---રેખા શુક્લ

દિવાના છે શબ્દો ના અહીં બધા
હૈયે ટાઢક પોઢી છાયા, રોજ આપે એક ગઝલ બેઠકમાં
મિત્રોના નામ નહીં ગઝલ શબ્દો આશ્વાસન બેઠકમાં
નખરાળી ને મિઠ્ઠી મિઠ્ઠી વાતો ને ટાંકવી બેઠક માં
નંબર-વન જુગલબંધી ને રૂમઝૂમ ચાલ બેઠક માં
પ્રીતમ હોય છે , ક્યાંક ટહુકી ને વણી ગઝલ માં
દિલના દ્વાર ખોલી નાંખે એક ગઝલ એક બેઠક માં
પાલવડે થી છૂટ્ટા થયા છે મોતીડાં ભેગા બેઠક માં
પર્વ સંગ આવી અવસર બનવા આવો ને બેઠકમાં
જાય પ્રજવલ્લી શમ્માની અહીં એક ગઝલ બેઠકમાં
દર્દીલા ગીતો મહીં પુષ્પો વેર્યા મેહફિલે બેઠક માં
શબ્દો ની સરિતા વેહતી ગઝલ નાજુક બેઠક માં
થન ગન નાચે રૂપ-સુંદરી વાતો અહીં બેઠક માં
મળે છે દિલ થી દિલ અહીં શબ્દો સાથે બેઠક માં
પૂરવાને બેઠક માં પ્રાણ આવી એક ગઝલ બેઠક માં
------રેખા શુક્લ

પેટી માં પુર્યું બાળપણ ઉતારી..!!
હતુ બા નું ફળિયું. મમ્મી નો પાલવ ને પપ્પાની સાયકલ પર ટ્રીપલ સવારી..
આવી જોયું ઘર ન મળે મારૂ મને..એપાર્ટમેન્ટ જે થઈ ગયું ભારી....
બા ગયા, પપ્પા લઈ ગયા...ચારે કોર ભીંતો રૂવે ભેંકારી....!
પકડાપકડી, હાલરડાં-ઘંટી ,નાની પેટી માં પુર્યું બાળપણ રંગીન ચિત્રે આવી છોરી
ત્યાં વાડ ઉગી પછવાડે ને આંગણે સુકાયુ પારિજાત....ના મળી તુલસી ક્યારી...
હાટડીઓ મૉલ થઈ ગઈ વસ્તુ પાછળ માણસ ભૂલાયો ભારી....
તુંકાર મા બોલાવે મમ્મી-પપ્પા ...ક્યાં જઈ શોધવાની સન્નારી ...
ભૂલકુ થઈ રસ્તે રડી પડી....ઘર નથી મકાને રહી નારી....
ટચુકડા બ્લાઉઝમાં જોંઉ હું નારી ...ક્યા ખોવાણી પનિહારી...
ભારત થયું અમેરિકા એમ હું વિચારી ભિંસાણી હૈયામાં કેવી શૂળ
ઉતારી..!!
---રેખા શુક્લ

ફુલો જેમ ખિલતી ઋતુ મળે ,
મને એ સમજતી ઋતુ મળે.

ભલે ને રડાવે જગ આખું ,
નયનમાં જ હસતી ઋતુ મળે.

ખબરતો નથી એ ચમનને
પર્ણમાં વાસંતી ઋતુ મળે .

કલમ લઇ તું કઈંક લખ જલરૂપ,
અક્ષર થઇને રમતી ઋતુ મળે.

ખરું આંસુ થઇ પાનખરમાં ,
ગઝલ લખું તો ઉગતી ઋતુ મળે.

કવિ જલરૂપ [મોરબી]

કૃષ્ણના વદને તો ગીતાનો સાર હતો ,
યુદ્ધ મેદાને તલવારોની ધાર હતો .

દુઃખમાં થાકેલી આંખો ખૂબ જ રોતી'તી,
કારણ એક હતું કે હું ખુદનો ભાર હતો .

જીવે છે દોસ્તી આજે દુર્યોધન કર્ણની ,
શું જાણો છો ? કર્ણ સત્યનો યાર હતો .

ઈશ્વરના નામે કોરો કાગળ લખ્યો ,
જોયું ને તો ઈશ સંદેશા નો તાર હતો .

સપનાંઓ થઇ જાતી ગઝલો જલરૂપ કને,
બસ સંબંધે તો તેનો રિશ્તેદાર હતો

કવિ જલરૂપ [મોરબી]

આજ હવા થઇ તરને વાલા,
તું સૌરભ થઇ ફરને વાલા.

શું નવરો બેઠો છે ડોબા,
કૈં કામ ફરી કરને વાલા.

ખાલી ખિસ્સા કેમ ભરે છે ?
તારા ઈશથી ડરને વાલા.

સઘળી બાજી કાં હારે છે,
હિંમત પાછી ભરને વાલા.

ઇતિહાસ રચી લે તું જલરૂપ,
ગઝલ લખીને મરને વાલા

કવિ જલરૂપ
[મોરબી]

ફુલો ની કળીઓમાં સુંગધ હોય છે,
દુનિયામાં બદલાવનો ક્રમ હોય છે ,

વરસાદ એ મોર ને નાચવાનો સમય હોય છે,
પ્રેમીઓને પલળવાનો અનેરો આનંદ હોય છે,

પ્રેમ માં પડી ગયા એટલે પતિ ગયુ ?,
ના, દુનિયાની સામે આવવાનો પણ સાચો સમય હોય છે,

છુપાવવા થી કશું વળતું નથી ,
પ્રેમને બધાની સામે મનાવવા નો મોકો હોય છે,

કૃષ્ણ ની ગીતા માં સાર હોય છે ,
'હિરેન' ની ગઝલ માં પ્રેમનો એકરાર હોય છે.

- હિરેન સોરઠિયા

ચાલતા ચાલતા ઉષ્ણતા અનુભવાણી,
પ્રથમ વખત તારી યાદ અનુભવાણી,

રસ્તે તો વ્યક્તિમાં પણ તુ દેખાણી,
પ્રથમ વખત તારા વગરની પળ અનુભવાણી,

ખબર નહિ કેમ પસંદ પડતુ નથી
પ્રથમ વખત તારા વગર મુસાફરી અનુભવાણી

ચાલતા ચાલતા ખ્યાલ જ ન આવ્યો
પ્રથમ વખત તારા વિનાની જીદંગી અનુભવાણી.

- હિરેન સોરઠિયા

દુનિયા માં ભાષા ભિન્ન ભિન્ન હોય છે,
લોકો ના સ્વભાવ માં દુરાચાર હોય છે,

ગુજરાતી ને મન લાગણી હોય છે,
ફરવાનો લ્હાવો, એકમાત્ર ગુજરાત હોય છે,

જવું હોય તો જજે દોસ્ત 'હિરેન' ને મન
ગઝલ અપંરપાર હોય છે,
સંસ્કૃતિ એ ભાવનગર નું સ્વમાન હોય છે,

ન માન તો કાંઈ નહિ એ ભેરુ,
પણ વિશ્વ માં શ્રેષ્ઠ ગુજરાત હોય છે.

- હિરેન સોરઠિયા

હજારો વાર કોશિશ કરી જોઈ,
જંપી લીધા બાદ તે અવશ્ય જીતી આવ્યો ,

નસીબ લકીર જેવુ કશુંજ નહી ,
કર્મૅ કરી લીધા બાદ તેનુ ફળ જીતી આવ્યો ,

વિચારો ના વમળમાં ફસાવવુ માનવી ની ટેવ છે,
ફાયદો ઉઠાવી હુ તેનો જગ જીતી આવ્યો ,

નજરો ના ટકરાવ થી જ માત્ર, હું ,
આનંદ થી પોતાનુ દિલ જીતી આવ્યો ,

ખબર પડી ગઈ હવે 'હિરેન',
પુંછવાની હિંમત કરી તે પ્રેમ જીતી આવ્યો.

- હિરેન સોરઠિયા

કવિતા

અર્થશાસ્ત્રમ્ અર્થશાસ્ત્રમ્ અર્થશાસ્ત્રમ્....શ્રી
માંગ ઔર પુરવઠા કા તુને ભેદ બતાયા
અછત મેં ભી તુ ને જીના શીખલાયા
ગરીબી રેખા કો મીલકે અબ હૈ હટાના
અર્થતંત્ર મેં પૂરે અર્થ કી હે સારી માયા.....
અર્થશાસ્ત્રમ્ અર્થશાસ્ત્રમ્....શ્રી
ઈસ મેં જો ફસા કભી નિકલ ના પાયા
બાઝાર મેં સીફૈ ચલતે હે નયે નકદી રાજા
અબ થોડી શી ચલેગી સાટા કી બી હવા
અર્થતંત્ર મેં પૂરે અર્થ કી હે સારી માયા.....
અર્થશાસ્ત્રમ્ અર્થશાસ્ત્રમ્....શ્રી
વિનિમય કા તુને બતલાયા હે રાસ્તાવો,
તો હે મહામાનવ કી સારી બોલબાલા
શિક્ષિત હો કે રોજી રોટી અબ કહા સે લાના
અર્થતંત્ર મેં પૂરે અર્થ કી હે સારી માયા.....
અર્થશાસ્ત્રમ્ અર્થશાસ્ત્રમ્....શ્રી
આય બઢોતી દર બઢને કી હે કેસી મજા
મૃત્યુદર મેં સુલઝે,બસતીવૃદ્ધિ મેં હેં ઉલજના
લેકિન સાપેક્ષ આય કો બસ અબ હૈ બઢાના
અર્થતંત્ર મેં પૂરે અર્થ કી હે સારી માયા.....
અર્થશાસ્ત્રમ્ અર્થશાસ્ત્રમ્....શ્રી
મહેંગાઇ કો અબ નહીં હે ચૂપચાપ સહના
દેશ કો અબ તો મિલકે હી આગે યુ બઢાના
ઇમાનદારી સે હર કદમ હૈ સબ કો ચલ ના
અર્થતંત્ર મેં પૂરે અર્થ કી હે સારી માયા.....
અર્થશાસ્ત્રમ્ અર્થશાસ્ત્રમ્....શ્રી

- પ્રીતિ ભટ્ટ 'પ્રીત'

"ખૂટી છે આશા"

ભીંની પાંપણે
અધુરા રે સપના
ખૂટી છે આશા

લાગી છે ભીંડ
ખોવાઇ યાદોમાં હું
ખૂટી છે આશા

નથી મિલન
યાદો ના છે તરંગ
ખૂટી છે આશા

છે પાનખર
ને અંતિમ સફરે
ખૂટી છે આશા

રડે છે દિલ
થશે કેમ મિલન
ખૂટી છે આશા

- પ્રીતિ ભટ્ટ 'પ્રીત'

આજ માદક સંધ્યાનું વાતાવરણ હું છું,
અસ્ત થતાં ભાનું નું અંતિમ કિરણ હું છું

શોધવા પોતીકાપણાના સ્વર ને ક્યાંથી,
મૃગજળ સમાસંબંધ પરનું આવરણ હું છું

હૈયા ના હેત એ મૌનની ઘટા છવાઇ ગઇ,
શબ્દો ની હેલી નું અંતિમ ચરણ હું છું

અંત મારા આ જીવન યાત્રા નો થાય નહીં,
કેવલ નવી વિચાર ધારા નું વિસ્તરણ હું છું

પ્રીત જેવું કોઇ અવીચળ સ્થાન ક્યાં શોધું,
બસ અમાપ અપેક્ષા ઓનું કારણ હું છું.

- પ્રીતિ ભટ્ટ 'પ્રીત'

તલવાર

માંથાવાઢી માન વધારે, ડરપોક ભાળી ભાગે,
કાયર કદી હાથ ન અડાડે, દેખી દોડ મુકે,
મ્યાન મહી મલકાવે, હાથ ધરે તો પાસે એક ન આવે.
ધિંગાણામાં હાહાકાર બોલિવે, યુદ્ધ મહી લલકાર કરાવે.
યુદ્ધ કરાવે, રંજ ચડાવે ધર્મ ધરાવે શિકાર કરાવે.
ધડ કાપી રક્ત વહાવે તબ નિંજ નહિ કોઇ આવે.
વાર કરતી ધડ વેતરતી રક્તના રાતારંગે રમતી.
ધિંગાણામાં હાહાકાર બોલાવે, યુદ્ધ મહી લલકાર કરાવે.
ભેટ રહેતી ભીંતે જુલતી, રાજાના રખોપા કરતી,
હાથી-ઘોડા ઘાયલ કરતી ઘાવ એવા કરતી ,
રક્ત પીતિ રાતા તોય તલવાર રહેતી તરસી.
ધિંગાણામાં હાહાકાર બોલાવે, યુદ્ધ મહી લલકાર કરાવે.
કમર કંટારીની " મહિમા " મડદ મુછાળા કાયમ ગાવે,
શુરવીર તણા સમરાગણમાં મલકાતી ચમકાતી,
સંગ તલવાર હોય તો ના મુરજાવે મડદ મુછાળા
ધિંગાણામાં હાહાકાર બોલાવે, યુદ્ધ મહી લલકાર કરાવે.
સંગીઅખિલ " અખો "

પથ્થર

પથ્થર જેવા માનવી પથ્થરને પ્રભુ માને છે,
પ્રભુ જેવા માનવીને પથ્થર મારે છે.
નથી પીતા એને દુધ પાય છે માનવી,
પી શકે છે એને તરસથી મારે છે માનવી.
શણગારી, સાફો બાંધી, તિલક તાણી,
પુછે પથ્થરને અને પથ્થર પથ્થર બનીને બેસે.
પથ્થરનો " મહિમા " માનવી પથ્થર બનીને ગાવે,
પથ્થરના મહેલ બનાવી તેમાં "અખિલ" વિશ્વના નાથને બેસાડે.
સુંગધની ખબર નથી એને પુષ્પો છડાવે,
પથ્થરના પગ પખાળી ચરણામૃત લાવે છે.
" હૈ પ્રભુ તારામાં અને મારા ફરક એટલો જ છે,
તુ તનથી પથ્થર અને હું મનથી પથ્થર "
સંગીઅખિલ " અખો "

ચકોરી

પ્રેમ તો અમે ચકોરી ચાંદ સમો કરવાનાં,
કંષ્ઠ કાપી સ્વયંને અગ્નિ સાપી બળી જવાનાં.
ભટક્તો-ભટક્તો કોક દિ વન વગડે આવશે શિવજી,
સ્નાન કરી રાખને શરીરે ચોળશે શિવજી.
રાખ થઇ, શિવની જટ્ટામાં જઇ ચાંદને મળી જવાનાં,
"મહિમા" ચકોરીના પ્રેમનો કહી જવાના.
પ્રેમ તો અમે ચકોરી ચાંદ સમો કરવાનાં,
કંષ્ઠ કાપી સ્વયંને અગ્નિ સાપી બળી જવાનાં.
સંગીઅખિલ " અખો "

અર્જુન

તરુ પર બેઠાલું પંક્ષી આંખે જ ભળાયું,
બાકી બધું આજુબાજુનું વિસરાયું.
ઉત્તમ વિદ્યાનું જ્ઞાન ત્યારે જ આવ્યું,
સાચા ગુરુનું દર્શન કરાવ્યું.
પાંચાલ પ્રદેશે પાંચાલીના સ્વયંવરે,
પાંચેય ભાઇ " સંગ " બ્રાહ્મણવેશે પાર્થ પ્રવેશી
પાણી સમેટ દેખી મસ્યવેધી,
" અખિલ " વિશ્વના સર્વશ્રેષ્ઠ ધનુરધરે
ધૃપતકન્યાની હરખથી આંખ છલકાણી
પાર્થના કંઠે પાંચાલીએ પૃષ્પમાળા પહેરાવી.
ખાંડવ વન ભડભડ બાળ્યું,
પીતા પુત્રનું યુદ્ધ ભંયકર ચાલ્યું.
ધરા પર બિંદું એક નહિ આવ્યું
ધનન્જ્યે તિર એવું ચલાવ્યું.
તબ અગ્નિએ ગાંડીવ ધનુષ્ય ધરાવ્યું,
પછી યુદ્ધ એક ન હરાયું.
અર્જુનના " મહિમા " નું મહાભારત લખાયું,
કુરુક્ષેત્રે કૃષ્ણએ શ્રીહરીનું દર્શન કરાવ્યું.
સંગીઅખિલ " અખો "

"સતયુગ જાણે સામે આવ્યો"

ઓ..હો..હો..હો..ઓ..હો..હો..હો..સતયુગ જાણે સામે આવ્યો...
અંધેરી નગરીમાં આજે રાજા મોદી નામે આવ્યો...

નાણાંવાળો નાથીયોને નાથાલાલ વગર નાણે થ્યો...
ઉલ્ટું-સીધૂ કરતાં'તા જે રેલો એજ તમામે આવ્યો...

દુશ્મન ભાગ્યો પીઠ બતાવી, સીમા લાંધી ઠાર મરાયો...
જ્યાં છપ્પનની છાતીવાળો સામેથી અંજામે આવ્યો...

કાળા નાણાં રાખ બરાબર, ભ્રષ્ટાચારી ખાખ બરાબર...
નોટ હજારોની ઢગલો થઇને પસ્તીના દામે આવ્યો...

નીતી-નીયમાં રે'વું કાયમ મારો એકજ છે સંદેશ...
આજ "સમય" પણ તાત બનીને જાણે ગામે-ગામે આવ્યો...

-"સમય જામનગરી"
(વિજય ચૌહાણ)

-= લખાવી ગયો છે =-

સતત યાદ દિલમાં વસાવી ગયો છે
ચમનમાં બહારો સજાવી ગયો છે

પલકભર દીપક જ્યાં જલાવી ગયો છે
જીવન આખું ઉત્સવ બનાવી ગયો છે

યુગોના યુગોથી સતત આ થયું છે
સમય ખુદ સમયમાં સમાઈ ગયો છે

રહે છે સ્મરણમાં સતત તું઼ ઓ સાકી!
બહુ જામે-કિંમત લગાવી ગયો છે

જગત પૂછશે પ્રેમના ખેલ અંતે
તને કોણ દિલથી હરાવી ગયો છે

કહે તું કયા છે સ્વરૂપે ગઝલમાં?
શું કારણ હતું કે લખાવી ગયો છે?

કરે આંખ રાત્રે ફરિયાદ 'મંથન'
જલદ કોણ સુરજ બુઝાવી ગયો છે?

== મંથન ડીસાકર (સુરત)

ચિત્ર સર્જન



સૂત્રધાર - રેખા સોલંકી 'તૃષ્ણા'

ઉડ ઉડ પારેવા જાજે પ્રિયાની પાસ
તારી જેમ જ કાશ !
હું પણ ઉડી શકત આકાશ !
તો થઇ જાત પૂરી
મુજ ઉરની પણ આશ !

મૃગનયની - સી આંખો તેની
ગુલ - પાંદડી સા અધર
નજરોનાં વેધક તીર તેનાં
વીંધી નાખે જીગર !

મોરની જેવી ચાલ તેની
ફૂલ ઝરંતી વાણી !
શ્વાસે - શ્વાસે મહેંકે તેના
મધ - ઝરતી રાતરાણી !

પાંગરી ઉઠતાં પુષ્પો તેને
જોઈને ઉપવનમાં !
નિહાળી તેને ઠરે આંખો
ફોરે ટાઢક મનમાં !

શક્ય બને આ બધું જો, તું
આપે તારી પાંખ,
નિહાળું હું મુજ પ્રિયાને
ભરી છલોછલ આંખ !

પહોંચત પળમાં જો
દૈવે આપી હોત પાંખ
રાહ નિહાળી તેની
આંખે આવી ગઈ ઝાંખ !

એક જ તું આધાર પારેવા
ઝટ જા પ્રિયાની પાસ,
આપ સંદેશ પ્રિયાને
મારો વધી રહ્યો તલસાટ !

રહ્યું છે શેષ જીવન થોડું
બચ્યા છે થોડા શ્વાસ,
નિહાળું મુખ પ્રિયાનું
બસ એ જ આખરી આશ !

ભગવતી પંચમતીયા 'રોશની'

એક પંખી મળી ગયું ,
આંખ સામે પડી ગયું .

પ્રેમમાં નિષ્ફળ થયું તો !
આંસુ થઈને રડી ગયું .

શોધવા નીકળ્યો ફરી,
નજરમાં ત્યાં ચડી ગયું .

ક્રાંતિ કરવા પાછું ઉડ્યું
છેલ્લા શ્વાસે લડી ગયું .

સુરજની વાત ન કર તું ,
આભ આખું જડી ગયું.

કવિ જલરૂપ [મોરબી]

તારા દિલને,મારા આ દિલની વાત મોકલું છું,
સંદેશા લઇને પારેવાંની નાત મોકલું છું.

દિલ જેવું દિલ પણ બાંધીને સંગાથ મોકલું છું,
વાળી-ચોળીને મારી આખી જાત મોકલું છું

લાવ્યો છું ચાંદો પ્રિયે, રાખી ગીરવે ગઝલને,
લે, પૂરે પૂરો ચાંદો હાથો-હાથ મોકલું છું.

મેણું માર્યું તેં "તારી શી ઔકાત પ્રેમ આપે"!
લે,ખોબે ખોબે હું મારી ઔકાત મોકલું છું.

નાખીને આકાશે ધામા,ત્હારો બનીશ તારો,
ઝગમગ દેખાવા કાળી કાળી રાત મોકલું છું

કવિ :- જુગલ દરજી 'માસ્તર'_

એ વાદળ તને લખું હુ આજ પત્ર,
સાથે મોક્લુ છુ મારો પ્રેમ ભરપૂર

આ પારેવા સાથે મોક્લુ મારી યાદ,
મારા હ્રદય કેરી લાગણી નિ આશ

મને મળવુ તને, ઘણુ કહેવુ તને,
તારી સાથે ભરપૂર રમવું છે આજ

એકવાર મારા પત્ર ને વાંચ ને,
જલ્દી પાછો મોકલ પેલા પારેવા ને સાથ

મને પણ આવવું ત્યા પારેવા નિ જેમ જ,
તારી જોડે રેહવુ ઊંચા ગગન માં આજ

એ વાદળ તને લખું હુ આજ પત્ર,
સાથે મોકલુ છુ મારો પ્રેમ ભરપૂર

નિતલ "નિવા ના નીર"

મનપંખી ઉડે
ચારેકોર
પણ
પાંખો ગઈ વિંધાઈ જો
...લતા...

અન્ય રચના બ્લોગ
પર મુકાયેલ છે...



આંસુથી આંખ ભીંજાણી,
બે ક્ષણ તારી ઉણપ વર્તાણી.
આંસુથી..... બે ક્ષણ....

ઝળઝળિયાંમાં તારી છબી દેખાણી;
ને વિતેલી ઘડીઓ એમાં શોધાણી.
આંસુથી..... બે ક્ષણ....

હજુ કેટલીય વાતો નથી કહેવાણી,
તું ગયો અંતરો દૂર, સ્મૃતિઓ નથી ધોવાણી.
આંસુથી..... બે ક્ષણ....

મન ભારી થયું, થોડી ગભરાણી,
ને ફરી આશાઓ શમણે બંધાણી.
આંસુથી..... બે ક્ષણ....

હશે, કૈંક કેટલીય કહાનીઓ રચાણી,
એમ જ વિરહ વેદના થકી ગઝલો લખાણી.
આંસુથી..... બે ક્ષણ....

~ કુંજલ પ્રદીપ છાયા 'કુંજકલરવ'

આંશુ
આં+ શું =આંશુ
શું છે આ....?
તુટેલા સંબંધો નું પૂર્ણ઼ઁ વિરામ ...
કે પછી. ...
તુટેલા સપનાઓ નું
સમુચ્ચય !
નહીં ......
નહીં. ....
એતો
થીજી ગયેલા પ્રેમમાં
લાગણીઓની ઓથે
વહી જતાં બે બુન્દ
કે પછી ....
અશ્રુબુન્દ ....!

~ ગીતા ઠક્કર

આશુઓને નયન મળે ના મળે ફેર શું પડે...!!
લાગનીને સ્વજન મળે ના મળે ફેર શું પડે...!!

શ્વાશને કારણે ફકત લાગુ જીવિત હું પણ અહીં,
જિંદગીને નિધન મળે ના મળે ફેર શું પડે.

ખ્વાહિશો જ્યાં સદા મરી,બાળતો મનને હું પછી,
એક તનને દહન મળે ના મળે ફેર શું પડે.

ચાલ લઇ જાવ ઊંચકી,આજ સમશાનમાં હવે,
મૃત્યુ પર કોઈ જન મળે ના મળે ફેર શું પડે.

ઝંખના ક્યાંય તૃપ્ત આ,જિંદગીની થઇ નથી,
લાશ ફરતે કફન મળે ના મળે ફેર શું પડે.

~ ગૌતમ પરમાર "સર્જક".

જામ આંખોથી ભરો છો..ક્યાં સુધી પીવું કહો..!
આંસુ છલકે આંખમાંથી ક્યાં સુધી રડવું કહો..!

કીસમત જ્યાં માનતી ના હોય ત્યાં સમજણ મળે..!
આમ મન વીના અમારે ક્યાં સુધી મથવું કહો..!

રાહ જોવાની અમે આદત ને બાંધી પણ ખરી..
આવવાના જ એ નથી.. તો ક્યાં સુધી ધખવું કહો..!

દોડની આખી રમતમાંથી હવે નિકળ્યા પછી..
જાત મારી આમ હું પણ ક્યાં સુધી થકવું કહો..!

આ જગત આજે બની બેઠું છે સુનમુનતા ભણી..
તો મને એકલ પછીથી ક્યાં સુધી બકવું કહો..!.Jn

જગદીશ એન. પટેલ (જગત)

પાછી સવાર થઈ રાબેતા મુજબ;
આજે ફરી હું ઉઠયો રાબેતા મુજબ.

ગોખ માં ભગવાન રાબેતા મુજબ;
મંદિરનાં એજ ભક્તો રાબેતા મુજબ.

જીંદગીની દોડધામ રાબેતા મુજબ;
સતત હાફતા શ્વાસો રાબેતા મુજબ.

ભીડ ભર્યો રસ્તો રાબેતા મુજબ;
માર્ગ એમાંથી જ કાઢવો રાબેતા મુજબ.

કરવી પડે છે વેઠ રાબેતા મુજબ;
ભરવા માટે પેટ રાબેતા મુજબ.

ફરી સાંજની એકલતા રાબેતા મુજબ.
આંસુની એ ધાર રાબેતા મુજબ.

પરિવાર ની હુંફ રાબેતા મુજબ,
પછી રાતની ઊંઘ રાબેતા મુજબ.

એક ઓર વધુ રાત રાબેતા મુજબ;
કાલે નવી થશે સવાર રાબેતા મુજબ.

~ ભરત દરજી "આભાસ"

શબ્દસર્જનની ૨૪ અન્ય રચના બ્લોગ પર મુકાયેલ છે...

સહિયારું સર્જન

--: આ વખતની પંક્તિ :--

આપણાં સંબંધના ઇતિહાસનો આ સાર છે,

Kavygoshthi E-magazine

સૂત્રધાર – ગૌતમ પરમાર 'સર્જક'

સંબંધોનો સાર

આપણાં સંબંધના ઇતિહાસનો આ સાર છે, **
ભુલ નથી આ ખુદાની, કર્મનો જ પલટવાર છે,

વિચાર્યા કરતો હતો, આ લોઇ ક્યાંથી વહે છે,
સહારા માટે એણે આપેલા હાથમાં તલવાર છે,

નથી આ માત્ર પરસેવાના જ સરતા ટીપાંઓ,
તારી આંખે વહેતા યાદોના આંસુઓ અપાર છે,

હવે જરુર નથી તારે કટારની ઘાયલ કરવા,
તારી નજરો પણ, ક્યાં હવે ઓછી ધારદાર છે,

કદાચ હશે આ કોઈ ચોકીનો ઇન્સપેક્ટર ખુદા,
આજની પ્રજા સામે બિચારો હવે હવલદાર છે,

ધન, દોલતમાં પણ કોઇક પાસે તો કાઈ નથી,
ક્યાંક એવાં છે ઢગ કે સામે તો ખુદા નાદાર છે,

~ સુલતાન સિંહ 'જીવન'

સામયિકમાં ન સમાવેલી
અન્ય રચના બ્લોગ
પર મુકાયેલ છે...

આપણાં સંબંધનાં ઇતિહાસનો આ સાર છે,
એને મનથી જો માણો જીવન મીઠો કંસાર છે.
ચડતી પડતી નિયમ સનાતન કુદરતનો ચાલ્યાં કરે,
હિંમતનાં હલેસે ખેડ સંસાર સાગર, તો ભવપાર છે.

~ રેખા સોલંકી 'તૃષ્ણા'

क्यां हजी आ जिंदगीने मोतथी आराम छे
श्वासथी थाकी गयाना हासनो आ सार छे

बे हदय वच्चे हवे अंतर जे वधतुं जाय छे.
आपणा संबंध ना इतिहासनो आ सार छे

~ ગૌતમ પરમાર 'સર્જક'

આપણાં સંબંધ ના ઇતિહાસ નો આ સાર છે,
વામણાં સંબંધ ના પરિહાસ નો આ ભાર છે!
જીંદગી ફંફોસતી નિત રોજ જોવું રાહ હું,
તું મળે ના જો મને ઉપહાસ નો આ માર છે!
લાલિમા આકાશ ના ફળિયે ઉભી સોહાય છે,
ને નયનનાં નેજવે તુજ આસ નો આ તાર છે!
રાહ તારી જોઇ ને નિજ મન થયું કંતાન છે,
જીંદગી છે ને નથી! વિણ વાંસ નો આ વાર છે!
સોણલી આ સાંજ જો ઇતરાય છે તારા વિના ,
આગમન હૈયે થતાં, અજવાસ નો આ હાર છે.

-જિજ્ઞાસા છાયા ઓઝા

ફાસ્ટટ્રેક ઈન્ટરવ્યું – કિરીટ ગોસ્વામી



કિરીટ ગોસ્વામી

જન્મ : ૪ ઓગસ્ટ ૧૯૭૫

જન્મસ્થળ : જામનગર

ઉછેર : ગામ ચેલા ખાતે તથા જામનગરમાં

શિક્ષણ : એમ.એ., બી.એડ્. (ગુજરાતી)

લેખન સિવાય શિક્ષણ માં સેવા અને સક્રિય
બાળ મનોવિજ્ઞાન, સંગીત, ચિત્ર વગેરે કળાઓમાં રસ

૧. આપના મતે ગઝલ એટલે શું?

જવાબ - કાવ્યનો અને સાહિત્યનો પણ એક સૌથી નાજુક પ્રકાર કે જેના દ્વારા સ્વને અભિવ્યક્ત કરી શકાય.

૨. આજ ફેસબુક પર વિકસતો ગઝલ નો વ્યાપ ગઝલ માટે ઉપયોગી કે હાનીકારક?

જવાબ – એ બધું ગઝલકારોના સ્વ વિવેક પર નિર્ભર કરે છે. બાકી મારી દ્રષ્ટીએ એક રીતે જોતા સોશિયલ મીડિયા અને અન્ય ફેસબુક જેવા માધ્યમો માત્ર કાવ્ય અને ગઝલો માટે જ તો નથી.

૩. આપ ક્યારથી લખો છો? કેમ? શું શું લખો છો?

જવાબ – વીસેક વર્ષથી હું લખું છું. સામાન્ય રીતે મારી પસંદગી અને લેખનના વિષયોમાં ગઝલ, નવલકથા, લઘુકથા, સંવેદન કથા, બાળ કાવ્ય, કીશોરકથા વગેરે પ્રકારોને સ્થાન આપી શકાય છે.

૪. ગઝલ પર થઈ રહેલા વિવાદ કે "હવે કોઈ ગજાના ગઝલકાર રહ્યા નથી ગઝલ વિધવા બની". આપ આ વાત સાથે કેટલા સહમત છો અને નથી તો કેમ?

જવાબ – જરાય નહિ, દરેક સર્જક પોતાના ગજા પ્રમાણે સર્જન કરતો જ રહે છે.

૫.આપ ની સફર જણાવશો.

જવાબ – વિદ્યાર્થી અવસ્તાથી અત્યાર સુધી લેખન પ્રવૃત્તિ મારો પ્રથમ પ્રેમ રહી છે. વિવિધ સ્વરૂપોમાં અત્યાર સુધી મારા ૨૪ જેટલા પુસ્તકો પ્રકાશિત થઇ ચુક્યા છે. અને યાદ છે ત્યાં સુધી ચારેક પુરષ્કાર પણ મળ્યા છે.

૬.ગઝલ માટે સહુથી ઉપયોગી તત્વ શું છે?

જવાબ – સરલતા ! દંભ વિનાની અભિવ્યક્તિ !

૭. તમે કાયમી લાખો છો…?

જવાબ – હા, જ્યારે અનાયાસ કશુક આવે એટલે એને કલમ બદ્ધ કરું છું.

૮. લખવું તમારું સપનું છે કે બીજા બધા કામની જેમ જ લખો છો બસ ?

જવાબ – પહેલા કહ્યું એમ લેખન મારો પ્રથમ પ્રેમ છે. અભિવ્યક્તિ થવાનું એક ઠોસ કારણ અને સાધન છે.

૯. કાવ્યગોષ્ઠી અંગે આપ શું કહેશો.?

જવાબ – સારી પ્રવૃત્તિ છે.

૧૦. આપને કાવ્યગોષ્ઠી સામાયિક સાથે રહી કેવો અનુભવ થયો.?

જવાબ – ઘણા સારા નવા નવા વિચારો જાણવાનો આનદ પણ મળ્યો છે.

૧૧. કાવ્યગોષ્ઠીના વાંચકોને આપ શું કહેશો.? આપનો સંદેશ…

જવાબ – સાહિત્ય સાથેનો નાતો કાયમી ટકાવી રાખો,
વાંચતા અને વંચાવતા રહો, પુસ્તકોને ચાહો, ભાષાને ચાહો…

[સમાપ્ત…]

મારુ મહેસાણા હવે મોટુ થતુ જાય છે...

ક્યાંક આમજ નાનકડું ગામ બંધાય છે,
અને સમય જતા તે શહેરમાં ફેરવાય છે,
જ્યા નગરપાલિકાનો વિસ્તાર હતો પહેલા,
મહાનગર પાલિકામાં હવે બધુ ફેરવાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

જુના અને તૂટેલા રસ્તાઓ હવે સંધાય છે,
ચોકડીથી ચોકડી સુધી મારગો બંધાય છે,
રાધનપુર, મોઢેરા, અને પાલાવાસણાએ,
નીત નવી પોલીસની ચોકીઓ બંધાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

જુના પુરાણા મકાનો ગાયબ થાય છે,
નીત નવાજ બંગલા હવે તો દેખાય છે,
નવીન ઇમારતો રોજે રોજ સંધાય છે,
જ્યારે પ્રાચિન વિરાસતો વિસરાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

પહેલા સમસાન હતુ જૂનું અને પુરાણું,
હવે ત્યાં આધુનિક મુક્તિધામ દેખાય છે,
ને જ્યા ભૂતકાળમાં અદભુત વાવ હતી,
હવે કચરાના ઢગલા જ ત્યાં ખડકાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

ક્યારેક અહિં સામાન્ય ડેપો માત્ર હતો,
હવે એરપોર્ટ જેવું સ્ટેશન શરૂ થાય છે,
બસ માટે પડાપડી કરતા જોયા હતા,
હવે બસની કતારો જામતી દેખાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

કોર્ટ રોડને રાજમહેલ રોડ કહેવાય છે,
એટલે ગાયકવાડ મહેલ ઓળખાય છે,
કેટલાય દફતર એક મકાનમાં જ હતા,
દફતરોની અલગતા હવે જળવાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

બાર ગામની બોલીઓ ભલે ભૂલાય,
મહેસાણી આખા જગમાં પરખાય છે,
સંતોષના દાળવડા જ વખણાતાં પેલા,
કિશન દાબેલી હવે જાણીતી થાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

જ્યા અલ્ટોને મારુતિ ૮૦૦ ફરતી હતી,
હવે BMW અને વોલ્વો ફરતી દેખાય છે,
પહેલા માંડ ડેરીનું દૂધ મળી શકતું હતુ,
હવે ૨૪ કલાક દૂધ ઘેર આવી જાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

ક્યારેક હતુ શહેર મહેસાણા વાસીઓનું,
હવે કોઈના બાપની જાગીર ગણાય છે,
ક્યારેક શાંતિનું પ્રતીક હતુ મારુ શહેર,
હવેતો તોફાનોનું મુળ કેન્દ્ર ગણાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

જ્યા ગૃહમંત્રી ગણાતા સમ્માનીય જન,
એમનાં ઘરે પણ હવે આગ ચંપાય છે,
પહેલા સલામતી હતી રાત્રે પણ રસ્તે,
હવે ધોળા દિવસે પણ એસિડ ફેંકાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

પહેલા અહિં માત્ર કાચા રસ્તાઓ હોતા,
હવે વર્ક ઇન પ્રોગ્રેસ હંમેશ દેખાય છે,
જ્યા મોલ નામે કૌતુક હતુ લોકોમાં,
હવે શહેરમાં મોલ હવે રોજ બંધાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

વસ્તીના વ્યાપ સાથે કામ ભલે વધે,
તંત્ર કદાચ મંદબુદ્ધિનું બનતું જાય છે,
પહેલા તો પાસ થાય છે ટેન્ડર રોડનાં,
પછી ત્યાંજ ગટર લાઈનો ખોદાય છે,
મારુ મહેસાણા હવે... ... ...



પૈસાદાર દાન કરતા સૌવાર વિચારે,
અહિં ભિખારી સોનુ દાન કરી જાય છે,
રાજનીતિમાં ઓછો હતો ને દબદબો,
હવે પ્રધાનમંત્રી પોતે અહીંના જાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

રબારી લોકોના ઘરે જ શોભતી ગાયો,
હવે ઠેરઠેર રસ્તે એ રખડતી દેખાય છે,
માણસ બનતો જાય છે અહિં વિકસિત,
ઢોરો બિચારા ગરીબીમાં ધકેલાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

તોરણવાળી માતને આશિર્વાદે હવે તો,
૬૫૯મો સ્થાપના દિન પણ ઉજવાય છે,
અવકાશયાત્રી પણ થયા છે મહેસાણાના,
cm અને hm, હવે dy Cm પણ નીમાય છે,
મારુ મહેસાણા હવે... ... ...

~ સુલતાન સિંહ 'જીવન'